સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

મનપાના માનવંતોમાં છે સત્તાની ખેંચાખેંચ,
એકમેક પછાડવા, છે રમતની પેંચાપેંચ -
કરે છે આંખ મિચામણા 'બર્થ-ડે' ઉજવણીમાં -
ને ઘર ભરવા, શરૂ છે ટેન્ડરની વેંચાવેંચ...
(હેપી બર્થ ડે ગાંધીનગર)

હાઈકુ

નગર સાથે
અમારે નથી નાતો -
વેરા સિવાય...

ફર્જ અમારી,
છે માત્ર ઉઘરાણી -
મત ને કર

ચિંતન

આ પ્રાયણાત્તત્રાપિ દ્વિ દૃષ્ટમ્ ।

ઉપરોક્ત શ્લોક કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે

ઉપાસના, ધ્યાન અથવા સાધના ક્યાં સુધી કરવી જોઈએ એ વિશે પતપ્રદર્શન કરતાં સૂત્રકાર કહે છે કે 'સમસ્ત જીવનપર્યંત ઉપાસના કે સાધના કરવી જોઈએ. જીવનની પ્રત્યેક પળે અને જીવનના અંતકાળ સુધી એનો પરિત્યાગ ના કરવો જોઈએ. એમાં સહેજ પણ પ્રમાદ ના કરવો જોઈએ. સાધના કે ઉપાસના દ્વારા જેને સિદ્ધિની પ્રાપ્તિ થઈ હોય તેની સાધના પણ પૂર્વાભ્યાસને લીધે સિદ્ધિ પછી પણ ચાલુ રહે છે અને રહેવી પણ જોઈએ જેને સિદ્ધિ નથી મળી તેણે તો સાધનાનું અનુષ્ઠાન છેવટ સુધી કરવું જ જોઈએ.'

તાંત્રિક 'બાપુ' ઓ સાધનામાં થોડી ઘણી સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય એટલે જાદુગર જાણે 'ભગવાન' થઈ જાય છે અને પતન થઈ જાય છે.

સાધના જીવનપર્યંત ચાલુ જ રાખવી જરૂરી છે.

સુવિચાર

- વ્યક્તિની હિમ્મત પ્રમાણે જીવનનું વિસ્તરણ કે સંકોચન થાય છે - **અખંડ આનંદ**
- સત્ય ભાગ્યે જ સ્વચ્છ હોય છે અને સરળ તો ક્યારેય હોતું જ નથી - **ઓસ્કાર વાઈલ્ડ**
- 'મન' જીવનને સુખી બનાવવાનો પ્રોગ્રામ ઘડનાર પ્રોગ્રામર છે મને સતત હકારાત્મક અભિગમથી ઘડવાથી પ્રસન્ન રહેવાય છે - **હર્ષદેવ માધવ**
- સમુદ્રની સપાટીએ રહીને તેને માપ્યા કરવો એનું નામ જ જીવન છે. આખરે તો સમુદ્રના પાણી વગર હોડી સામે પાર ક્યાંથી જઈ શકે? - **જનકલ્યાણ**
- પૌરૂષ છે આપણું હળ, સંકલ્પ છે બીજ, શ્રદ્ધાનું પાયુ પાણી, આ જીવન એ જ ખેતર, આપણે ખેડૂત છીએ - **સામવેદ**
- પહેલાના જમાનામાં ફોન દોરડેથી બંધાયેલો હતો અને માણસો છૂટ્ટા હતા, હવે ફોન છૂટ્ટો છે ને માણસો બંધાયેલા છે - **જય વસાવડા**
- આજનું ઔષધ : અડધી ચમચી પાપડિયોખાર મેળવી પીવાથી પેટનો દુઃખાવો અને આફરો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રોબર્ટ ઓપન હાઈમરે ૧૯૪૫માં બીજા સહાયક અણુવિજ્ઞાનીઓની મદદથી અણુબોમ્બ બનાવ્યો. આ બોમ્બનું પરિક્ષણ ન્યુ મેક્સીકોના રણમાં ૧૬મી જુલાઈ, ૧૯૪૫ના રોજ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

એ વખતના અમેરીકન પ્રેસીડેન્ટ થિયોડોર રુઝવેલ્ટ હતા. જેઓ વોશિંગ્ટનમાં રશિયાના વડા સ્ટાલિન અને ઈંગ્લેન્ડના વડાપ્રધાન ચર્ચિલ ૧ જૂન, ૧૯૪૫ના રોજ મળવાના હતા.

રૂઝવેલ્ટે રોબર્ટ ઓપન હાઈમટને એક ગુપ્ત પત્ર મોકલ્યો જેમાં લખ્યું હતું કે, 'રશિયાને નીચું દેકાડવા માટે આપણે જો અણુબોમ્બનું ટેસ્ટીંગ મેં મહિનામાં કરો તો પહેલી જૂનના રોજ જે મીટીંગ થવાની છે તેમાં આપણે પક્ષ તરફથી એક જોરદાર સંદેશો સ્ટાલીનને મળે, અને આપણે ન્યુક્લિયર પાવરફુલ દેશ ગણાઈએ.' રોબર્ટ ઓપન હાઈમરે આ પત્ર વાંચ્યો અને જવાબમાં લખ્યું, 'માનનીય પ્રેસિડેન્ટ, અણુબોમ્બનું ટેસ્ટીંગ ૧૬મી જુલાઈના રોજ જ થસે એ પહેલા નહીં.

આજે પણ અમેરિકનો રોબર્ટ ઓપનહાઈમરને તેમના જ્ઞાન અને નિર્ણયની મક્કમતા માટે યાદ કરે છે. જેમણે પ્રેસિડેન્ટને પણ ના પાડી દીધી હતી.'

મમતાની અસરકારક આક્રમકતા

તંત્રીસ્થાનેથી...

મમતા બેનર્જી રાષ્ટ્રીય ફલક પર ઊપસી રહ્યાં છે તે વિપક્ષો માટે મોટી આશ્વાસક ઘટના છે. જો કે મમતા બેનર્જીના અનેક પ્લસ પોઈન્ટને એમની પ્રકૃતિમાં રહેલી ઉગ્રતા અને હિંદી ભાષાનું મર્યાદિત જ્ઞાન જેવી બાબતો હાંસિયે ધકેલી દે છે એ પણ એટલું જ સાચું છે. મમતા બંગાળને જ કેન્દ્રમાં રાખીને ચાલે છે. મા, માટી અને માતૃભાષાના મુદ્દે એમણે છેલ્લાં ઘણાં વર્ષોથી પશ્ચિમ બંગાળમાં એક હથ્થું સત્તા ટકાવી રાખી છે. જયોતિ બાસુ જેવા પ્રચંડ સામ્યવાદી નેતાને સળંગ પા સદી સુધી એક ચકી શાસન કર્યું તેની સામે આ સીધી સાદી, ગરીબોના હક્કો માટે ઝઝૂમતી અને ઝૂંપડપટ્ટીનો વચ્ચે ફરતી મહિલાએ ઝીંક ઝીલી છે તે દેશના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાશે. મૂળે કોંગ્રેસનાં જ કાર્યકર્તા અને પી.વી. નરસિંહ રાવની સરકારમાં તો કેન્દ્રીય રેલમંત્રીથી લઈ પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે.

મમતા બેનર્જી વાત વાતમાં ઉગ્ર થઈ જતાં હોય છે કારણ કે તેઓ અન્યાયપૂર્ણ બાબતો સહી શકતાં જ નથી. એમના આ ઉગ્ર સ્વભાવનો પરચો રતન તાતા જેવા ઉદ્યોગપતિથી લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધીના મહાનુભાવોને મળી ચૂક્યો છે. સિદ્ધાંતને વરેલા મમતા બેનર્જી તડ ને ફડ જે કંઈ સાચું લાગે તે મોઢા પર જ કહેવા ટેવાયેલાં છે. આથી ખુદ એમની પાર્ટીના કેટલાક મહત્ત્વના આગેવાનો પણ નારાજ થઈને પાર્ટી છોડી દેતા હોવાના બનાવો બનતા રહ્યા છે. જો કે એથી પ્રજામાં ઊંડી વગ ધરાવતાં મમતા બેનર્જીને કશો જ ફરક નથી પડ્યો.

એનું સૌથી મોટું ઉદાહરણ મૂળે કચ્છના વતની અને કોલકાત્તાના નિવાસી દિનેશ ત્રિવેદી ચે. એમને મમતા દીદીના રોષનો વારંવાર ભોગ બનતા રહેવું પડ્યું છે, છતાં ઘીના ઠામમાં ઘી પડી રહ્યું છે. હમણાં મમતા બેનર્જી 'મોદી હટાવો' ના વન પોઈન્ટ પ્રોગ્રામમાં ગળાડૂબ વ્યસ્ય છે. ગઠબંધન રાજનીતિનાં નેતા તરીકે સ્વાભાવિક રીતે જ સિનિયોરિટીના મુદ્દે તેઓ વડાપ્રધાનપદનાં વિપક્ષી દાવેદાર બની શકે એમ છે, પણ એમને મન પદ કરતાં સૈદ્ધાંતિક લડાઈમાં વિજય મળે એનું મહત્ત્વ છે. એથી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સાથેની મુલાકાતમાં એમણે પોતે વડાપ્રધાન પદની રેસમાં નહીં હોવાની ચોખવટ કરી છે. હાલ તેઓ આસામ અને બંગાળનાં નાગરિકતાના મુદ્દે થઈ રહેલ સર્વેક્ષણ વિરુદ્ધ ઝુંબેશ ચલાવી રહ્યાં છે. એમની આ ઝુંબેશ બાંગ્લાભાષીઓ માટેની છે. ઘૂસણખોરને ક્યાં કાઢી મૂકી શકાશે એ પ્રશ્ન મમતા બેનર્જીની જેમ આપણને પણ કનડવો જોઈએ.

સચ્ચે દોસ્ત આંસુ કી તરહ હોતે હૈ...

સચ્ચે દોસ્ત આંસુ કી તરહ હોતે હૈ... યહાં દિલ ઉદાસ હુઆ.. વહાં વો આ ગયે...

- વન્સ અપોન ટાઈમ ઈન મુંબઈ દોબારા

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

૨૦૧૩માં મિલન લુથરીયાએ આ ફિલ્મ અક્ષયકુમાર ને લઈને બનાવી હતી, અને ઈમરાન ખાનને સહકલાકાર તરીકે લીધો હતો... રજત અરોરાએ લખેલ સંવાદો ઘણા પ્રચલિત થયા હતા, અને આ સંવાદ ઈમરાન ખાન ફિલ્મમાં બોલે છે. આવતીકાલે 'ફ્રેન્ડશીપ ડે' ઊજવવાની તૈયારીઓ તડામાર ચાલી રહી છે, ત્યારે દોસ્તી ઉપર બોલીવુડમાં ખૂબ જ 'દોસ્તી' ને લગતા સંવાદોમાંથી આ સંવાદ અત્યારે 'સાચી દોસ્તી' ની વિભાવના વિસરાતી જાય છે, અને દંભ-દેખાડો વધી રહ્યો છે, ત્યારે આ સંવાદ સાચા દોસ્તનું પ્રતિબિંબ દર્શાવાયું છે...

સંસ્કૃત સાહિત્યમાં તો મિત્રતા ઉપર અઢળક શ્લોકો મળી આવે છે... પરંતુ ચાણક્યનીતિમાં મળી આવતો આ શ્લોક

ઉત્સવે વ્યસને પ્રાપ્તે, દુર્ભિક્ષે શત્રુસંકટે ।
રાજદ્વારે શ્મસાને ચ ય: તિષ્ઠતિ સ બાન્ધવ: ॥

અર્થાત્ - દુઃખમાં, સુખમાં, દુકાળમાં, શત્રુના સંકટ વખતે, રાજાના દરબારમાં તથા સ્મશાનમાં જે સાથે ઊભો રહે છે, તે જ સાચો મિત્ર છે.

ચાણક્યએ ખૂબ જ ઉપયોગી એવા મનુષ્ય મૂલ્યોની વાત ખૂબ જ સરસ ભાષામાં રજૂ કરી છે... ચાણક્ય નીતિ, વિદૂરનીતિ અને એવા બીજા ઘણા નીતિગત ગ્રંથો જીવનપયોગી દૃષ્ટાંતો દ્વારા સુંદર રજૂઆત થઈ છે.

આજકાલ શાળાઓમાં નૈતિક મૂલ્ય (વેલ્યુ એજ્યુકેશન)ના અલગથી કલાસ લેવામાં આવે છે, અને છતાં પણ નૈતિકતાનું મૂલ્ય ઘટતું જાય છે...

આ કમભાગ્યે દિવસ આપણે એટલા માટે જોવો પડે છે કારણ કે આપણે આપણા મૂળ સમાન સાંસ્કૃતિક અને સંસ્કૃતનો વારસો ભૂલતા ગયા. વાસ્તવમાં હજી પણ સમય છે, ત્યારે આપણી દેવભાષા તરફ પાછા ફરવાનો સમય પાકી ગયો છે.

- jayuoza@gmail.com, Mo. 9898046488

'આપણી મધુર ભાષા, વિભૂષા' વિષય પરત્વે કાર્યક્રમ

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● 'આપણી મધુર ભાષા, વિભૂષા' વિષય પરત્વે શાંતિનિકેતન વિદ્યાલય, સેકટર-૨૯, ગાંધીનગર ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓને શબ્દભેદ, પદક્રમ, વિરામચિહ્નો, અર્થભેદ, શબ્દભેદ, સ્વર-વ્યંજન વિષયક ગણન, કથન, વાચન, પઠન અને ગ્રહણ કૌશલ્યોની પરિણામલક્ષી પદ્ધતિઓ વડે, આદર્શ શિક્ષક પારિતોષિક વિજેતા રોહિતકુમાર બી. જોષીએ હાસ્યાભિનય, સંસ્કાર-ઘડતર અને મૂલ્યનિષ્ઠ દૃશ્ય - શ્રાવ્ય પ્રોજેક્ટ રજૂ કરી માર્ગદર્શનની એક ઉમદા કેડી કંડારી હતી.

● શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા 'ત્રિદલ'નો એક કાર્યક્રમ તા. ૨૯/૦૭/૨૦૧૮ના રોજ, નમન એપાર્ટ મેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. જેમાં 'વિખરાતો સમાજ અને તૂટતા સંબંધો' વિષયેનો એક વાર્તાલાપ યોજાયેલ જેમાં ભાનુપ્રસાદ પુરાણી, પ્રમુખ નટવર હેડાઉ, સુમનભાઈ શાહ, જીવણભાઈ શાહ, કુમુદચંદ્ર ઠાકર, મહેન્દ્ર ચૌહાણ, ગુણવંત શાહ ગોહેલ અને કે.કે. પટેલે સામાજિક ઉત્થાન અને વિખરાતા સમાજ અને તૂટતા સંબંધોને અકબંધ રાખવા અંગેના મનનીય અને ઉમદા વિચારો રજૂ કર્યા હતા.

● શિક્ષણ, સાહિત્ય અને સમાજના સહજ સમન્વય અન્વયેની સંસ્થા 'ત્રિદલ' દ્વારા, વર્ષ-૨૦૧૮માં લેવામાં આવેલ ધો.૧૦ તથા ધો.૧૨ની જાહેર પરીક્ષામાં ગુજરાતી વિષયમાં ૮૫થી વધુ માર્કસ મેળવનાર ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓનું તથા વિષય શિક્ષકો અને શાળાનું અભિવાદન કરવાનું હોઈ, માર્કશીટની નકલ તથા ગાંધીનગર જિલ્લાના વતની હોવાના આધાર-પુરાવા સાથેની માહિતી તા. ૧૫-૦૮-૨૦૧૮ સુધીમાં ભાનુપ્રસાદ પુરાણીને પ્લોટ નં. ૧૦૩/૨, સેકટર-૨એ, ગાંધીનગર (મો. ૯૯૦૪૨૫૬૧૧૪) ને પહોંચાડવા જણાવાયું છે.

● ઓમ કોમ્યુનિકેશન અને 'શબ્દશ્રી' દ્વારા કવિ જયંત ડાંગોદરાના સહયોગથી, તા. ૩૧ જુલાઈ, ૨૦૧૮ના રોજ અમદાવાદ ખઆતે કવિ હર્ષ બ્રહ્મભટ્ટના ૬૫માં જન્મદિવસ નિમિત્તે સાહિત્યસભર કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં કવિ હર્ષ બ્રહ્મભટ્ટ પોતાના જીવનકવન વિષે વાત કરી, પોતાની ગુજરાતી તથા ઉર્દૂ ગઝલોનું પઠન કર્યું હતું તથા ઉપસ્થિત ભાવકો સાથે સંવાદ સાધ્યો હતો.

muljibhaidadhi@gmail.com

શબદના સોદાગરની સ્મૃતિ : મર્મી મેઘાણી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

અષાઢની ભીની તથા મુલાયમ ક્ષણોને માણવાનો સમય છે. શ્રાવણના પડઘમ સંભળાઈ રહેલા છે. શ્રાવણના સરવડાઓની વિપુલતા વચ્ચે એક કાઠીયાવાડી કવિની સ્મૃતિ અનેક લોકોને થયા કરે છે. આ 'શબદના સોદાગર'ની સ્મૃતિ થતાંજ એક અનેરી માટીની સૌરભની પ્રતિતી થાય છે. રવિ સાહેબે જેના મોંઘા મૂલ આંકેલા છે તેવા શબદના બાણ આ સરસ્વતીના ઉપાસકને લાગેલા છે. રવિ સાહેબે ગાયું છે :

બાણ તો લાગ્યા જેને
પ્રાણ રે વિંધાણા એના
નેણામાં ઘૂરે રે નિશાણ
જેને લાગ્યા ભજનુંના બાણ
જેને લાગ્યા શબદુંના બાણ.

ઓગસ્ટ માસમાં (૧૮૯૬) સુરેન્દ્રનગરના ચોટીલામાં મેઘાણીનો જન્મ થયો. અલ્પ આયુષ્ય ભોગવીને માર્ચ-૧૯૪૭ માં અમર સંતોની જમાતમાં ભળી ગયા. એક વીજ ચમકાર જાણે પ્રગટી – ઝળહળી અને અનંત આભમાં વિલિન થઈ ગયો. કવિ રમેશ પારેખે લખ્યું છે :

તિમિરમળમાં ઘીના દીવા
જેમ તમે પ્રગટ્યાતા
મારા સોરઠ કેરા રંક ખોરડે
સુક્કા તળમાં તમે જળ છલકાવ્યા
ટોડલિયે મોરા ગહેકાવ્યા.

મેઘાણીની સ્મૃતિમાં ચોટીલામાં મળેલી એક જંગી સભામાં દર્શકદાદાએ લોક સમૂહને સંબોધન કરતાં યાદગાર શબ્દોમાં કહ્યું:

''મેઘાણીએ તમને તમારો પરિચય કરાવ્યો-અને અમને પણ તમારો પરિચય કરાવ્યો. તમને પણ ખબર નહોતી કે તમે કોણ છો અને અમને પણ ખબર નહોતી કે તમે કોણ છો. આ મોટું સંતુબંધનું કામ કર્યું... રાષ્ટ્રના બે વિભાગ પડી ગયા છે. ભણેલા અને અભણ. – એ બન્નેને જે સાંકળી શકે તે રાષ્ટ્રીય શાયર. આવી દીવાલ તૂટે નહિ ત્યાં સુધી રાષ્ટ્ર એક થઈ શકે નહિ. મહાત્મા ગાંધીએ ભણેલા લોકોને લોકાભિમુખ થવાને પ્રેર્યા. મેઘાણીએ મહાત્મા ગાંધીનું આ કાર્ય કર્યું.. મેઘાણીને વાંચ્યા પછી કોઈ માણસ સામાન્ય જનનો તિરસ્કાર કરી શકશે નહિ.'' સામાન્ય માણસોના શૌર્ય અને ખમીર તથા દિલાવરીની દિલધડક વાતો મેઘાણીની રઝળપાટ થકી આપણાં સુધી પહોંચી શકી.

મેઘાણીએ સાહિત્યના અનેક સ્વરૂપોમાં ખેડાણ કરેલું છે. મેઘાણીના સાહિત્યમાં વેદનાનો તાણોવાણો અભિન્ન રીતે જોડાયો છે. મેઘાણીભાઈ જાતે સંવેદનશીલ અને લાગણીપ્રધાન સર્જક હતા. સમાજના નબળા ભાંડુઓ તરફની ઊંડી સંવેદનશીલતામાંથી વેદના પ્રગટ થઈ છે. પોતાની અનેક અંગત તથા કૌટુંબિક વેદનાઓને ભૂલીને તેમણે જગતના દુભ્યા-દુભાયેલા ભાંડુઓની વેદના અનુભવી છે અને ગાઈ છે. આંખના આંસુ ખાળીને હસતા રહેલા તેમજ ગાતા રહેલા આ સર્જક-કવિ છે. દર્દ તથા વેદનાના તીણા સુર તેમણે સાંભળ્યા-પચાવ્યા અને જગત સમક્ષ તેની ભાવવાહી અભિવ્યક્તિ કરી. ઝવેરચંદ મેઘાણીના સમગ્ર સાહિત્ય સર્જનમાં જે લાગણીની કે વેદનાની અભિવ્યક્તિ ડોકીયા કરતી દેખાય છે તેનો સુમેળ સર્જકના જીવનમાં પણ પ્રગટ થતો દેખાય છે. એક પ્રગટ થયેલી મુલાકાતમાં સર્જકના સંતાનો – ઈન્દુબહેન તથા નાનકભાઈએ કવિના આ સ્વભાવગત ગુણનો દાખલો ટાંકેલો છે. ઈન્દુબહેન કહે છે કે મુંબઈથી તેમને મળીને અમે પાછા નીકળીએ ત્યારે તેમની આંખોમાં ઝળહળિયા આવી જતા હતા. ઈન્દુબહેન પછી ઉમેરે છે : '' મારી સાડીનો છેડો લઈને આંખો લૂછતા એવું મને યાદ આવે છે. '' મા-બાપ બન્નેનો સ્નેહ બાળકોને આ મોંઘા મૂલના માનવી પાસેથી મળ્યા હતા.

કવિના આવા સંવેદનશીલ મનોભાવનું પ્રાગટ્ય તેમની અનેક રચનાઓમાં થયું છે. તેમાંથી એક રચના 'કવિ તને કેમ ગમે?' છે.

ધરતીને પટે પગલે પગલે
મૂઠી ધાન વિના નાનાં બાળ મરે
પ્રભુહીન આકાશેથી આગ ઝરે.
અહોરાત કરોડ કરોડ ગરીબોના
પ્રાણ ધનિકોને હાથ રમે
ત્યારે હાય રે હાય કવિ ! તને
પૃથ્વીને પાણી તણાં શેણે ગીત ગમે ?

જેના પેટનો ખાડો પુરાયો નથી તેવી વ્યક્તિ માટે જગતની તમામ સુંદરતા નિરર્થક બની રહે છે. ગાંધીજીએ આ બાબતનું મહત્વ સ્પષ્ટ કરતાં સમજાવ્યું છે કે દરીદ્રનારાયણને હરિનું દર્શન રોટલા થકી કરાવી શકાય. કવિ ઝવેરચંદ મેઘાણીની પણ એ ઠોસ પ્રતિતિ છે કે સૃષ્ટિનું સઘળું સૌંદર્ય વિશ્વના ભૂખ્યા જનોની ક્ષુધા સમશે ત્યારેજ સાર્થક બની શકશે. આથી કવિ આજ કાવ્યમાં આગળ લખે છે:

સારા વિશ્વની જે દી ક્ષુધા સમશે
ભૂખ્યાં બાલુડાં પેટ ભરી જમશે
પૂરી રોટી પ્રતિજનને જડશે.
કવિ ! તે દિન નીલ આકાશ
તારા કેરી સુંદરતા સહુ સાર્થ બને,
તારાં કૂજન આજ જલાવી દે પ્રાણ !
રે આવા દંભ ગાવા તને કેમ ગમે !

જગતભરના શ્રમિકો સાથેનું કોઈ અસાધારણ અનુસંધાન સર્જક મેઘાણી અનુભવી શક્યા હશે તેમ લાગે છે. ખેતર કે વાડી તથા જંગલ કે ઝાડીના બહોળા સમૂદાયની અફાટ શકિતના આ સર્જક આજીવન ઉપાસક રહેલા છે.

લોકસાહિત્યને મેઘાણી જેવા રુજુ હૃદયના સંશોધક મળ્યા તે સાહિત્યનો એક વિરલ તથા સુખદ યોગાનુયોગ છે. ધારદાર સાહિત્યનું નિર્માણ કે તેનું અસરકારક સંશોધન સુવિધાપૂર્ણ જગાએ બેસીને ન થાય તે માટે તો ધરતીનો ખોળો ખૂંદવો પડે. ધૂળધોયા થવું પડે. મેઘાણીભાઈએ તેમ કર્યું. હજુ જાણે ગઈકાલેજ આપણી વચ્ચેથી અલવિદા કહીને ગયેલા એવા કર્મશીલ લેખક – વિચારક મહાશ્વેતાદેવીએ પણ આમજ કર્યું. આદિવાસીઓની વેદનાને અસરકારક તથા ધારદાર વાચા મહાશ્વેતાદેવીના અનુભૂતિથી થયેલા લખાણોના માધ્યમથી મળી શકી. સાહિત્યકારો અને સમાજ આવા કર્મયોગી સર્જકોના કપરા કર્મયોગથી અનેક દ્રષ્ય-અદ્રષ્ય કે ઉપેક્ષિત બાબતો નિહાળી શક્યા. આવા સમાજની વેદનાને અનુભવી શક્યા. અણખેડ્યા પંથ અને અણદીઠી ભોમની ખેપો કરીને શબ્દના મેઘાણી નામધારી આ સોદાગરે સાહિત્ય એકઠું કર્યું. કવિ શ્રી પિંગળશીભાઈ લીલાએ લખ્યું છે તેમ મેઘાણીએ ધરણીના પડને ઢંઢોળીને નેકટેકની ખાતર ખપી ગયેલા અનેક વીરલાઓની વાતોને જગત સમક્ષ રજૂ કરી છે. આવું ધૂળધોયાનું કપરું કામ હવે કોણ કરશે !

કોણ હવે કોદાળી લઈ
ધરણી – પડ ઢંઢોળે,
કોણ હવે સમશાન જગાડી
ખપી ગયેલાં ખોળે,
કોણ હવે કહેવાનો
ગરવી ગૌરવની કહાણી
અમર લોકથી આવ્ય
અમારા શાયર મેઘાણી.

ઝવેરચંદ મેઘાણીની શાશ્વત સ્મૃતિ અગણિત લોકહૈયામાં પડેલી છે.

ગાંધીજીએ હડતાળ કરી પણ મજૂર અને મહાજનને એક કરી દીધા

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

અને મહાત્મા ગાંધીએ અમદાવાદના મિલમજૂરોના પ્રશ્ને ઉપવાસ શરૂ કર્યા. યાદ રહે કે ગાંધીજીએ મજૂરોના પ્રશ્ન વ્યાજબી હોઈ મિલ માલિકો સામે હડતાળ આંદોલન શરૂ કર્યું હતું. પરંતુ ઉપવાસ માલિકો સામે ન હતા. જે શરતો સાથે હડતાળ પાડી હતી એ શરતોનો ભંગ થતો જોઈને તેમને જ્યાં સુધી મજૂરો શરતોના પાલન માટે જયાં સુધી સજ્જ ન થાય અને પ્રશ્નનો નિકાલ ન આવે ત્યાં સુધી હડતાળ નિભાવી ન શકે તો અને ત્યાં લગી મારે ઉપવાસ કરવા છે એવો નિર્ધાર વ્યક્ત કર્યો.

કેટલાય મિલમાલિકોએ ગાંધીના ઉપવાસને 'ત્રાગું' ગણાવ્યું. ગાંધીએ માલિકોને પણ ઉપવાસથી તેમનો માર્ગ ન છોડવા સમજાવ્યા ને ગાંધીજીએ કહ્યા મુજબ ઉપવાસ શરૂ કર્યા. અનસૂયાબેન સારાભાઈ સહીત ઘણા મિત્રો તેમની સાથે ઉપવાસમાં જોડાયા પરંતુ ગાંધીજીએ એ બધાને ઉપવાસ ન કરવા સમજાવ્યા. માલિકો પણ સમાધાનના પ્રયાસો માટે અનસૂયાબેન અને મજૂર પ્રતિનિધિઓ સાથે મસલતો કરવા લાગ્યા. આનંદશંકર ધ્રુવનું પંચ નિમાયું. હડતાળના એકવીસમા દિવસે સુખદ સમાધાન થયું. ગાંધીજીના ઉપવાસના ત્રીજા દિવસે સમાધાન થયું. સમાધાનીનો મેળાવડો પણ થયો જેમાં અંગ્રેજ અધિકારીએ મજૂરોને ગાંધીજી કહે તેમ જ કહવા માટે શિખ આપી. જો કે આજ અંગ્રેજ અફસરે થોડા દિવસો પછીના ખેડા સત્યાગ્રહમાં ખેડૂતોને ગાંધી કહે તેમ નહીં કરવાની સલાહ આપી હતી!

માલિકોને મિઠાઈ વિતરણ કાર્યમાં ધમસાણને 'કરુણરસ'

ગાંધીજીની મિલ મજૂરોના પ્રશ્નોને વાચા આપવાના કાર્યક્રમમાંથી 'મજૂર મહાજન' સંઘની સકારાત્મક રચના થઈ એ ઐતિહાસિક દૃષ્ટિએ સૌથી મોટી ઘટના અમદાવાદ શહેરમાં બની. કોઈ પણ કામદાર યુનિયન હોય એના સંગઠનના નામ/ઓળખમાં માલિક કે મહાજનનું નામ જોડાયેલું હોય ખરું ? ના જ હોય. પણ ગાંધીએ જે લડત શરુ કરી એ મજૂરોના યુનિયનની ઓળખમાં મજૂર અને મહાજન બંને શબ્દ સામેલ થયેલા જોઈ શકાય છે. ગાંધીજીએ રોજગારી આપનાર મહાજન અને ઉત્પાદન કરનાર મજૂરની સહિયારી જુગલબંધી સાથે જ જે પ્રશ્નો આવે એનો સુમેળ સાવધાની પ્રવૃત્તિ આ રીતે અમદાવાદ શહેરની મિલના મજૂરોની લડત સાથે જોડી દીધી. હડતાળ પણ કરી એ હડતાળ શાંત અહિંસક તો ખરી જ પણ સાથોસાથ મજૂર તરીકે ક્યાંક હાથ લાંબો કહીને 'ભિક્ષાન્ન દેહી' ના ભાવ સાથેની ન કરવી એ પણ સમજણ આપી.

કાર્લ માર્ક્સ શોષણનો ઈતિહાસ જોતાં જયાં સુધી મજૂરો રક્તરંજિત ક્રાંતિ ન કરે ત્યાં સુધી તેમનું શોષણ થશે એવો સંઘર્ષવાદી વિચાર વ્યક્ત કરે છે. જયારે ગાંધી સંઘર્ષ નહીં સહકાર અને બંધુતાથી સમસ્યાનો ઉકેલ લાવવાના પ્રયાસોથી આગળ વધવા દાખલો પૂરો પાડે છે.

ગાંધીએ મજૂર હડતાળ સાથે માલિકો સાથે સૌજન્યપૂર્વક સમાધાનીના પ્રયાસો થકી મજૂરોને તેમનો માગણી મુજબનો હક્ક તો અપાવ્યો. માલિકોએ પણ કટુતા છોડી દઈને સમાધાનની ઉજવણીનો મેળાવડો યોજાયો. મિલ માલિકોએ માલિક-મજૂરને બાપ-દીકરાના સંબંધ ગણાવ્યા હતા હડતાળ સમયે તે વાતને સાચી સાબિત કરી. મિલ માલિકોએ મજૂરો અને તેમના પરિવારજનો માટે મિઠાઈ વહેંચવાનો કાર્યક્રમ યોજયો. માલિકોએ પુષ્કળ મિઠાઈ તૈયારી કરાવી હતી. જે હજારો મજૂરોને વિપરીત કરવા માટે સાબરમતીના તટે જયાં રોજ સભા મળતી હતી ત્યાંથી વિતરણ કરવાનું પસંદ કરાયું. એકવીસ દિવસ સુધી નિયમનમાં રહીને હડતાળને સફળ બનાવનાર મજૂરો શાંતચિત્તે હારબંધ ઊભા રહી મિઠાઈ લેશે, અધીરા થઈ મિઠાઈ પર હુમલો નહીં કરે એવો વિશ્વાસ હતો એ જો કે તૂટી ગયો. હાર તૂટવા માંડી. મજૂર આગેવાનોના અનેક પ્રયત્નો નીષ્ફળ નીવડ્યા. મજૂરોની શિસ્ત, ટોળું બનીને હુમલા પર ઉતરી આવી આથી, મિઠાઈ કચરાઈ ગઈને મિઠાઈ વિતરણનો કાર્યક્રમ સ્થગિત કરવો પડ્યો. જે પછી અંબાલાલ શેઠના મિરજાપુરના બંગલેથી બીજે દિવસે વહેંચવામાં આવી હતી. ગાંધીજીના શબ્દોમાં આ 'કરુણરસ' હતો. જો કે પાછળથી ખબર થઈ કે મિઠાઈ વિતરણમાં અમદાવાદના સ્થાનિક ભિક્ષુકોને ખબર થઈ હોઈ તેઓ પણ મજૂરો સાથે મિઠાઈ લેવા ઉમટી પડ્યા હતા. જે કારણે અવ્યવસ્થા સર્જાઈ હતી.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)